સારણી ૧૦

શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી

| ક્રમ | ઉત્કલ્પના | 't'-મૂલ્ય | સાર્થક છે કે નહિ | ઉત્કલ્પના સ્વીકાર/ અસ્વીકાર |
|---|---|---|---|---|
| ૧ | શહેરીવિસ્તારના બાળકોની વાચન- શક્તિના પ્રાપ્તાંકો અને ગ્રામ્યવિસ્તારના બાળકોની વાચનશક્તિના પ્રાપ્તાંકો વચ્ચેનો તફાવત સાર્થક નહિ હોય. | ૨.૫૪ | સાર્થક | ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. |
| ૨ | ધોરણ ૭માં અભ્યાસ કરતા શહેર વિસ્તારના છોકરાઓની વાચનશક્તિ અને છોકરીઓની વાચનશક્તિના પ્રાપ્તાંકો વચ્ચેનો તફાવત સાર્થક નહિ હોય. | ૦.૫૫ | N.S | ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો નથી. |
| ૩ | ધોરણ ૭માં અભ્યાસ કરતા ગ્રામ્યવિસ્તારના છોકરાઓની વાચનશક્તિ અને છોકરીઓની વાચનશક્તિના પ્રાપ્તાંકો વચ્ચેનો તફાવત સાર્થક નહિ હોય. | ૦.૦૪ | N.S | ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો નથી. |

## ૧૨. સંશોધનનાં તારણો

પસ્તુત સંશોધનના તારણો નીચે મુજબ છે :-

૧૨.૧ વાચનક્ષમતા કસોટીના તારણો

૧. શહેરી વિસ્તારનાં બાળકોની વાચનશક્તિ ગ્રામ્યવિસ્તારનાં બાળકોની વાચનશક્તિ કરતાં પ્રમાણમાં ચઢિયાતી છે.

૨. ધોરણ ૭માં અભ્યાસ કરતા છોકરાઓ અને છોકરીઓની વાચનશક્તિ સમાન માલૂમ પડે છે.

૩.ધોરણ ૭માં અભ્યાસ કરતા શહેરીવિસ્તાર અને ગ્રામ્યવિસ્તારના છોકરાઓ અને છોકરીઓ વાચનશક્તિની બાબતમાં સમાન માલૂમ પડે છે.

## ૧૩. શૈક્ષણિક ફલિતાર્થો

પસ્તુત અભ્યાસનાં શૈક્ષણિક ફલિતાર્થો નીચે મુજબ છે:-

૧. રાજ્યસરકારે બાળકોની વાચનશક્તિમાં વધારો થાય તેવી વાચનસામગ્રી ધરાવતા પુસ્તકાલયોની રચના કરવી જોઈએ.

૨. વાલીઓએ પોતાના ઘરમાં સામયિકો, વર્તમાનપત્રો તેમજ અન્ય સાહિત્યો વસાવવાં જોઈએ. જેથી બાળકોને વાચન માટે નવું નવું સાહિત્ય મળી જ રહે.